# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩ તા.૨૯-૪-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે. ...

૧. **'સેવા સેતુ' કેમ્પ :-** મ્યુનિ. શાળાના શિક્ષકો તથા અન્ય સ્ટાફને મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં જે તે કર્મચારીના પ્રશ્નો, મુંઝવણ કે માર્ગદર્શનની જરૂર હોય તે માટે તા.૧-૫-૧૭ થી તા.૬-૫-૧૭ સુધીમાં દરેક ઝોન પર 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન હાથ ધરાશે. આ સેવા સેતુ કાર્યક્રમાં ઝોનના મદદનીશ શાસનાધિકારી તથા ઝોન કલાર્ક ઉપસ્થિત રહેશે. શિક્ષક મિત્રોએ પ્રશ્ન હોય તો અનુકુળતાએ જવું.

૨. **પ્રેરણા પ્રવાસ :-** તા.૧-૫-૧૭ થી તા.૭-૫-૧૭ સુધી યોજાનાર નેશનલ બુકફેર-૨૦૧૭નું ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રીશ્રીના હસ્તે તા.૧-૫-૧૭ના રોજ ઉદ્ઘાટન થનાર છે. સમૃદ્ધ શાળા લાયબ્રેરી માટે શાળાના શિક્ષકો પુસ્તકોનો પરિચય કેળવે અને જ્ઞાન મેળવે તે હેતુથી તમામ શિક્ષકો તેમની અનુકુળતાએ પ્રેરણા પ્રવાસ કરે તે માટેનું આયોજન કરવું.

૩. **વેકેશન દરમ્યાન શાળા સાચવણી :-** તા.૧-૫-૧૭ થી તા.૩-૬-૧૭ સુધી શાળાઓમાં ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવે છે. વેકેશન દરમ્યાન શાળાઓના મકાનોની સાચવણી અને સફાઈ તેમજ શાળાઓમાં ફાળવવામાં આવેલ કોમ્પ્યુટરની જાળવણી અંગે નીચે આપેલ સૂચનાઓનો અમલ કરશો.

- ❖ વેકેશન પડતાં પહેલાં પાણીની ઓવરહેડ તથા અંડર ગ્રાઉન્ડ ટાંકીની સફાઈ અવશ્ય કરાવવી. ટાંકીના ઢાંકણાં ચૂસ્ત છે કે કેમ ? તે ચેક કરવા
- ❖ વેકેશનમાં સફાઈ કામદાર શાળાના મકાનની તથા સેનેટરી બ્લોકની સફાઈ દરરોજ કરે તે અંગે તેઓને લેખિત સૂચના આપવી.
- ❖ શાળાના મકાનના ઓરડાઓ સાફ કરી, બારી બારણાં બંધ કરવા અને દરેક ઓરડાઓને તાળાં મારવાં તેમજ શાળામાં લાઈટ તેમજ પંખા કોઈપણ વર્ગમાં ચાલુ ન રહે તે ખાસ ધ્યાન રાખવું.
- ❖ શાળાના મેદાનનો વેકેશન દરમ્યાન અન્ય બહારની વ્યક્તિઓ ઉપયોગ ન કરે તે અંગે શાળાના પગી તથા સીકયુરીટીને લેખિત સૂચના આપવી.
- ❖ લાઈટ તથા પાણીના નળ કાળજીપૂર્વક ચકાસી બંધ કરવા.
- ❖ શાળાના કોમ્પ્યુટર રૂમમાં તમામ કોમ્પ્યુટર ઢાંકી દેવા અને કોમ્પ્યુટર સાચવણી બાબતે તેમજ અન્ય વસ્તુઓની સાચવણી બાબતે ખાસ તકેદારી રાખવી.
- ❖ આ ઉપરાંત શાળામાં અગાશી કે ધાબાની મુલાકાત લઈ કોઈ સરસામાન પડેલ હોય તો તેનો પણ નિકાલ કરવો તેમજ અગાશીના બારણા પણ બંધ કરી કોઈ વ્યક્તિ તેની તરફ જાય નહી તેની તકેદારી રાખી તાળુ મારવું.
- ❖ વેકેશન દરમ્યાન કોઈ આકસ્મિક બનાવ બને તો પગી / સિકયુરીટી તમોને જાણ કરે તેમ જણાવવું તેમજ આ માહિતી સ્કૂલ બોર્ડના જે-તે અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

૪. **ઉનાળુ વેકેશન કેમ્પ :-** તા.૧-૫-૧૭ તી ૩-૬-૧૭ સુધી શાળાઓમાં વેકેશન છે. આ સમયગાળા દરમ્યાન વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ પ્રકારની શક્તિ તથા રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા પોતાની કૌશલ્યતામાં વધારો કરી શકે તે હેતુથી ઉત્તર,દક્ષિણ,પૂર્વ અને પશ્ચિમમાં એક એક સ્થળ પર 'સમર કેમ્પ'નું આયોજન કરવું. આ આયોજનની એક કોપી મદદનીશ શાસનાધિકારીએ, મુખ્ય ઓફિસે મોકલી આપવી.

તા.૨૯-૪-૧૭

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી